@loksattajansatta @LoksattaJansatta www.loksattanews.co.in
નિડર અને નિષ્પક્ષ
લોકસત્તા જનસત્તા
LOKSATTA JANSATTA (Sat, 21 May 2022)
Group Editor : Anil Devpurkar CMD : Sanjay Shah • Phone: 0265 2787181 • Fax: 0265 2791781

ઈન્ડેક્સ વાયદાઓમાં રૂ.૪૫ કરોડનાં કામકાજ

એમસીએક્સ પર સોના-ચાંદી ક્રૂડ તેલના વાયદામાં સાર્વત્રિક વૃદ્ધિ

મુંબઈ, તા.૨૦

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં શુક્રવારે પ્રથમ સત્ર સુધીમાં ૧,૬૨,૩૭૦ સોદાઓમાં કુલ રૂ.૧૪,૮૨૬.૭૧ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૯૨૩૭.૯ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૫૫૪૩.૭૯ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૬૧,૬૮૦ સોદાઓમાં કુલ રૂ.૩,૪૭૧.૫૫ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૦,૪૭૧ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૦,૮૦૨ અને નીચામાં રૂ.૫૦,૪૭૧ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૦૧ વધી રૂ.૫૦,૭૪૫ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની મે કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૧૩૯ વધી રૂ.૪૦,૬૦૭ અને ગોલ્ડ-પેટલ મે કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૧૮ વધી રૂ.૫,૦૭૧ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૦,૫૫૧ના ભાવે ખૂલી, રૂ.૧૮૯ વધી રૂ.૫૦,૭૬૮ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૬૧,૫૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૧,૯૯૯ અને નીચામાં રૂ.૬૧,૪૨૫ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૦૭ વધી રૂ.૬૧,૮૭૧ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની જૂન કોન્ટ્રેક્ટ રૂ.૩૨૦ વધી રૂ.૬૨,૧૫૯ અને ચાંદી-માઈક્રો જૂન કોન્ટ્રેક્ટ રૂ.૩૨૮ વધી રૂ.૬૨,૧૭૪ બોલાઈ રહ્યો હતો. બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧૧,૦૦૭ સોદાઓમાં રૂ.૧,૯૨૦.૩૨ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ મે વાયદો ૧ કિલોદીઠ રૂ.૨.૯૫ વધી રૂ.૨૪૭.૬૫ અને જસત મે વાયદો રૂ.૨.૪૦ વધી રૂ.૩૨૨ના ભાવ થયા હતા. આ સામે તાંબુ મે કોન્ટ્રેક્ટ રૂ.૭.૭૫ વધી રૂ.૭૭૬.૮૦ તેમ જ સીસું મે કોન્ટ્રેક્ટ રૂ.૧.૯૫ વધી રૂ.૧૮૨ના ભાવ થયા હતા. એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૩૭,૭૫૯ સોદાઓમાં કુલ રૂ.૩,૬૫૬.૬૧ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જૂન વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૮,૪૧૬ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૮,૫૮૨ અને નીચામાં રૂ.૮,૪૧૬ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૧૦૧ વધી રૂ.૮,૫૬૫ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ મે વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૩૧.૯૦ ઘટી રૂ.૬૨૦.૪૦ બોલાઈ રહ્યો હતો. કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧,૪૪૧ સોદાઓમાં રૂ.૧૮૯.૪૨ કરોડનાં કામકાજ થયા હતા. કોટન મે વાયદો ૧ ગાંસડીદીઠ રૂ.૪૯,૪૪૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૪૯,૬૫૦ અને નીચામાં રૂ.૪૮,૯૧૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૬૦ ઘટી રૂ.૪૯,૨૨૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં મે કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૭.૬૦ ઘટી રૂ.૧૦૯૭.૩૦ થયો હતો. કામકાજની દ્રષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧,૭૫૩.૩૭ કરોડનાં ૩,૪૫૫.૨૪૫ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં કુલ રૂ.૧,૭૧૮.૧૮ કરોડનાં ૨૭૭.૨૦૫ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં રૂ.૧,૩૯૩.૪૮ કરોડનાં ૧૬,૪૦,૨૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં રૂ.૨,૨૬૩ કરોડનાં ૩૬૧૮૦૦૦૦ એમએમબીટીયૂ [illegible]નો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં રૂ.૧૭૨.૬૩ કરોડનાં ૩૫૦૫૦ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૧૬.૭૯ કરોડનાં ૧૫૦.૧૨ ટનનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૧૬,૮૯૬.૫૮૨ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૭૪૦.૭૯૬ ટન, ક્રૂડ તેલમાં ૭૨૧૪૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૮૫૫૮૭૫૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૯૪૫૨૫ ગાંસડી, મેન્થા તેલમાં ૫૫૮ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર પ્રથમ સત્ર સુધીમાં બુલડેક્સ વાયદામાં રૂ.૪૫.૦૨ કરોડનાં ૬૨૩ લોટ્સ ના વેપાર થયા હતા. બુલડેક્સ મે વાયદો ૧૪,૪૦૦ના સ્તરે ખૂલી, ૫૯ પોઈન્ટ વધી ૧૪,૪૬૫ના સ્તરે હતો.

પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ.૯૨૩૮ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૫૫૪૪ કરોડનું ટર્નઓવર

રોકાણકર્તાને નુકશાન ન થાય એ જોવાનું કામ સેબીનું

ડેરિવેટીવ્ઝ રિટેલ ટ્રેડિંગ સંદર્ભે સેબી લગામ લગાવે એવી શક્યતા

મુંબઈ, તા.૨૦

સિક્યુરિટીઝ માર્કેટના નિયમનકાર સેબીની ભૂમિકા બજારમાં ટ્રેડિંગ ઉપરાંત બજારના જોખમોથી રોકાણકારોને નુકસાન થાય નહિ એવી વ્યવસ્થા ઉભી કરવાની પણ છે. બજારની વધઘટથી જોખમ અને ખોટની સંભાવના રહેલી હોય છે પણ રોકાણકરો સજાગ રહે એ જરૂરી છે.

માર્ચ ૨૦૨૦થી વધુને વધુ રિટેલ ગ્રાહકો શેરબજારમાં આવી રહ્યા છે અને તેની સાથે તેમનો ડેરિવેટીઝ ટ્રેડિંગ હિસ્સો પણ વધી રહ્યો છે. ઓછા રોકાણથી વધુ નફો રળવાની લાલચમાં આ ટ્રેડિંગ વધી રહ્યું હોવાની શક્યતા છે. નિયમનકાર આ વાતથી વાકેફ હોવાથી આ સેગમેન્ટ રિટેલનો હિસ્સો કેટલો, રિટેલ રોકાણકાર કેવી રીતે તેમાં ટ્રેડિંગ કરે છે તે અંગે ડેટા એકત્ર કરી એક સર્વે કરી રહી હોવાનું જાણવા મળ્યું છે. સેબી માને છે કે શેરની રોકડમાં ખરીદી કરતા ડેરિવેટીવ્ઝમાં નુકસાન અને ખોટનું જોખમ વધારે રહેલું છે. આ ઉપરાંત, બજારમાં છેલ્લા છ મહિનાથી તીવ્ર વધઘટ જોવા મળી રહી છે જે જોખમ વધારે ઊંચું કરે છે.

આ સ્થિતિમાં સર્વેના આધારે સેબી રિટેલ રોકાણકારોના ડેરિવેટીવ્ઝ ટ્રેડિંગ અંગે અને તેમાં માર્જીન અને અન્ય ચીજો અંગે ફેરવિચારણા કરે એવી શક્યતા છે. આ અંગે કોઈ અંતિમ નિર્ણય લેવાયો નથી. નિર્ણયનો આધાર સર્વેમાં કેવી બિગ્ટનાને તારણો બહાર આવે છે તેના ઉપર છે. એટલું ચોક્કસ કે સેબીની આ સ્થિતિ ઉપર નજર છે.

સેબી આ સેગમેન્ટ રિટેલનો હિસ્સો કેટલો, રિટેલ રોકાણકાર કેવી રીતે તેમાં ટ્રેડિંગ કરે છે તે અંગે સર્વે કરે છે

ડેડીયાપાડામાં નલ સે જલ યોજનામાં કરોડોનો ભ્રષ્ટાચાર

રાજપીપલા,તા.૨૦

કેન્દ્ર સરકાર નલ સે જલ યોજના અંતર્ગત લોકોને ઘરે ઘરે પીવાનું પાણી મળી રહ્યું હોવાનો એક તરફ દાવો કરી રહી છે, તો બીજી બાજુ નર્મદા જિલ્લાના ડેડીયાપાડા વિસ્તારના અમુક ગામોમાં નલ સે જલ યોજનામાં ૭૦ ટકા ચુકવણું થવું છતાં પાણી ન મળતું હોવાનું ભરૂચ દૂધધારા ડેરીના વા.ચેરમેન અને ડેડીયાપાડાના ધારાસભ્ય મહેશ વસાવાએ કરેલી જનતા રેડમાં સામે આવ્યું છે.આ જનતા રેડ દરમિયાન ગ્રામજનોએ પણ ધારાસભ્યને ફરીયાદ કરી હતી કે આ યોજનામાં મોટો ભ્રષ્ટાચાર થયો છે, બોર મોટર મુક્યા પછી અમને અત્યાર સુધી એક ટીપુ પણ પાણી મળ્યું નથી, ૪-૫ દિવસે એક વાર પાણી આવે છે.

ડેડીયાપાડાના ધારાસભ્ય મહેશ વસાવા, નર્મદા જિલ્લા બીટીપી પ્રમુખ બહાદુર વસાવા સહીતના અન્ય કાર્યકરોએ ડેડીયાપાડાના વિવિધ ગામોમાં વાસ્મો પ્રોજેક્ટ દ્વારા થયેલા કામોની તપાસ માટે જનતા રેડ કરી હતી.દરમિયાન જ્યાં પાણી નથી ત્યાં બોર ખોદી પાઈપ લાઈનો અને ટાંકીઓ બનાવી દેવાઈ હોવાનું એમને જણાયું હતું. તો અમુક જગ્યાએ ટાંકીઓમાં અને લોકોના ઘરો સુધી પાંણી પહોચ્યું ન હતુ.આટલો મોટો ભ્રષ્ટાચાર જોઈ ધારાસભ્ય મહેશ વસાવાએ અધિકારીનો જાહેરમા ઉધડો લેતા જણાવ્યું હતું કે હુ વિજિલન્સની ટીમ દ્વારા તપાસ કરાવીશ, ભ્રષ્ટાચારીઓ સામે કાયદેસરની કાર્યવાહી થશે.

ધારાસભ્ય મહેશ વસાવાએ આ બાબતે જણાવ્યું હતું કે સાગબરા-ડેડીયાપાડામાં આ યોજના પૂર્ણ બતાવી દેવાઈ છે, લગભગ ૭૦ ચુકવણું થઈ ગયું છે પણ લોકોને હજુ પાણી મળ્યું નથી, લોકો પાણી માટે ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.ઘણે જગ્યાએ નળમાં પાણી આવતું નથી. નળ તૂટીને બહાર પડી ગયા છે, પાઈપ લાઈનો હાથથી ખોદાઈ એવી રીતે દાટવામાં આવી છે.નિયમ મુજબ બોર મોટર ૩૦૦ ફૂટ ઊંડે મૂકવી જોઈએ એની જગ્યાએ અમુક જગ્યાએ ૪૦-૫૦ ફૂટ ખોદી મૂકી દેવાઈ છે.અમુક જગ્યાએ બોર કર્યા જ નથી તો અમુક જગ્યાએ પાણી જ નથી ટાંકી બનાવી પાણીની લાઈનો નાખી દેવાઈ છે.નલ સે જલ યોજનામાં કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર થયો છે, આ યોજનામાં માત્ર પાઈપો દાટી દઈ પૈસા ઉપાડી દેવામાં આવ્યા છે.આ ગામોમાં પણ લાખો રૂપિયાનું કામ લોકોના ઘર સુધી પાંણી પહોચાડ્યા વગર કોંટ્રાકટરો અને અધિકારીઓની સાંઠગાંઠથી કોન્ટ્રાકટરોને રકમ ચુકવેલ છે.આદિવાસી સમાજના વિકાસ માટે ફાળવવામાં આવતી ગ્રાન્ટ બહારના કોન્ટ્રાકટરો અને તંત્ર ભારી અનેક યોજનાઓ બનાવી રૂપિયા ચાંઉ કરી જાય છે.આદિવાસી સમાજે વિકાસના નામે કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર કરનારા મળતીયાઓ સામે જાગૃત થવુ પડશે.

વાતરસાના તત્કાલીન સરપંચ તથા ડેપ્યુટી સરપંચને માટી ચોરી બાબતે ફરીથી ૪.૯૩ કરોડ ભરવા નોટીસ

ભરૂચ,તા.૨૦

આમોદ તાલુકાના વાતરસા ગામના આવેલા સર્વે નંબર ૩૭૬ અને ૩૨૧ વાળા તળાવમાંથી ગેરકાયદે સાદી માટીનું ખનન કરવામાં આવ્યું હતું.જે બાબતે ગામના જાગૃત નાગરિક દ્વારા અરજી કરવામાં આવતા નાયબ જિલ્લા વિકાસ અધિકારીની ટીમ દ્વારા વાતરસા ગામે સ્થળ ઉપર સયુંક્ત તાપસ કરવામાં આવી હતી.વાતરસા ગામે ટાટા પ્રોજેક્ટ લિમિટેડ દ્વારા પરમીટ માટે અરજી કરી હતી.તેમજ પરમીટ મંજુર કરવામાં આવી હતી.પરંતુ તેઓ દ્વારા રોયલ્ટી પ્રીમિયમ,સિક્યોરિટી ડીપોઝીટ, ડી.એમ.એફ વગેરે ભરપાઈ કર્યું ના હોવાથી દંડકીય નોટીસ પાઠવવામાં આવી હતી.આ ઉપરાંત વાતરસા ગામનાં જાગૃત નાગરિક દ્વારા ગેરકાયદે માટી ખનન બાબતે અરજી કરવામાં આવી હતી. જે બાબતે નાયબ જિલ્લા વિકાસ અધિકારી ભરૂચ,તાલુકા વિકાસ અધિકારી આમોદ તેમજ ખાણ ખનીજ વિભાગની સયુંક્ત ટીમ દ્વારા સ્થળ ઉપર તપાસ કરવામાં આવી હતી.જે તપાસ અહેવાલમાં જણાવ્યા મુજબ ગ્રામ પંચાયતના સરપંચ,સભ્યશ્રી તથા તલાટી કમ મંત્રીની જવાબદારી બનતી હોય આ બિનઅધિકૃત ખોદકામ બાબતે નોટીસ ફટકારવામાં આવી હતી. જેમાં વાતરસા ગામના સર્વે નંબર ૩૭૬ તથા ૩૨૧(તળાવ) માંથી ૨ લાખ મેટ્રીક ટન બિનઅધિકૃત સાદી માટીનું ખોદકામ થતાં ૪,૯૩,૫૦,૦૦૦ નો દંડ ભરવા વાતરસા ગામના તત્કાલિન સરપંચ તથા ડેપ્યુટી સરપંચને નોટીસ ફટકારવામાં આવી હતી.

મધની ટેસ્ટીંગ સુવિધા ઉભી થવાથી ગુણવત્તા જળવાઈ રહેશે : તોમર

રાજપીપલા,તા.૨૦

કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય દ્વારા રાજયના નર્મદા જિલ્લામાં એકતાનગર, ટેન્ટ સિટી-૨ ખાતે કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી નરેન્દ્રસિંહ તોમરના અધ્યક્ષપદે અને કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ રાજ્ય મંત્રી કૈલાશ ચૌધરી અને ગુજરાતના કૃષિ મંત્રી રાઘવજી પટેલની ઉપસ્થિતિમાં "વિશ્વ મધમાખી દિવસ" ઉજવણીના કાર્યક્રમને દિપ પ્રાગટ્ય દ્વારા ખૂલ્લો મુક્યો હતો.

કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી નરેન્દ્રસિંહ તોમરે જણાવ્યું હતું કે, સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ ૨૦ મે, ને વિશ્વ મધમાખી દિવસ તરીકે જાહેર કર્યો છે.ત્યારે આ ક્ષેત્રમાં મધમાખી ઉછેરને પ્રોત્સાહન આપીને દેશના નાના ખેડૂતોને મહત્તમ લાભ મળી રહે તે માટે દેશના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સક્ષમ નેતૃત્વ હેઠળ કેન્દ્ર સરકાર પ્રતિબધ્ધ છે.

દેશના પાંચ રાજ્યોમાં સાત સ્થળોએ મધ ટેસ્ટિંગ લેબ અને પ્રોસેસિંગ યુનિટનું ઉદઘાટન કર્યુ છે.મધઉછેર પર સરકાર વધુ ભાર મુકી રહી છે ત્યારે નાના ખેડૂતોની આવકમાં વધારો થાય તે માટે દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ મધુમાખી પાલકો માટે રૂા.૫૦૦ કરોડનું પ્રાવધાન કર્યુ છે.આ ફંડ દ્વારા આણંદ, દિલ્હી અને બંગ્લોર ખાતે વિશ્વ સ્તરની ૩ લેબોરેટરી પણ કાર્યરત કરવામાં આવી છે.૫ રિજિયોનલ અને ૧૦૦ થી વધુ ટેસ્ટીંગ લેબો બનાવવામાં આવી હોવાથી હવે મધુમાખી પાલકો સમયસર મધનું ટેસ્ટ કરાવી શકશે. મધની ટેસ્ટીંગ સુવિધા ઉભી થવાથી હવે તેની ગુણવત્તા પણ જળવાઈ રહેશે અને વધુ ઉત્પાદન વડે વધુ આવક મેળવી શકશે.

ગુજરાતના કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે દેશના ખેડૂતો મધપાલનના વ્યવસાય સાથે સંકળાઈને પ્રગતિ સાધવા ઉપરાંત રાજ્યના વલસાડ, નવસારી, ડાંગ અને નર્મદા જિલ્લાના ખેડૂતો આ વ્યવસાય સાથે સંકળાઈને સારી ઉપજ મેળવી રહ્યાં છે.વર્ષ ૨૦૨૨-૨૩ માં મધમાખી ઉછેર કરનારા હિતધારકો વધુ રોજગારી મેળવે તે માટે સરકારે ૧૦ કરોડની માતબર રકમ ફાળવીને ૧૦હજાર ખેડૂતોને લાભાન્વિત કરાશે આ સાથે દેશમાં હરિત ક્રાંતિક્ષેત્રે વધુ એક આગવી સિધ્ધિ હાંસલ થશે.કેન્દ્રીય મંત્રી તોમરના હસ્તે વર્ચ્યુઅલ માધ્યમથી ગુજરાતમાંથી જમ્મુ કશ્મીરમાં પુલવામા, બાંદીપોરા, કર્ણાટકના તુમકુર, ઉત્તર પ્રદેશના સહારનપુર તથા પૂણે અને ઉત્તરાખંડ ખાતે સ્થાપિત મધ ટેસ્ટિંગ લેબનું પાંચ રાજ્યોમાં સાત સ્થળોએ મધ ટેસ્ટિંગ લેબ અને પ્રોસેસિંગ યુનિટનું ઉદ્દઘાટન પણ કરાયું હતું. આ કાર્યક્રમમાં મતેજા વોડેબ, રિપબ્લિક ઓફ સ્લોવેનિયાના રાજદૂત, કોંડા રેડ્ડી ચાવવા, ભારતના એફ.એ.ઓ.પ્રતિનિધિ, એડીશનલ ચીફ સેક્રેટરી મુકેશ પુરી, વિવિધ રાજ્યના મધમાખી ઉછેર કરનારાઓ, ખેડૂતો, પ્રોસેસર્સ, ઉધ્યોગ સાહસિકો અને મધ ઉત્પાદન સાથે સંબંધિત અન્ય હિતધારકો આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યાં હતાં.

પશ્ચિમ રેલવે
સુધારો
ઈ-હરાજી વેચાણ કાર્યક્રમ
સામગ્રીપ્રબંધન
વિભાગ

કૃપા કરીને ઈ-હરાજી વેચાણ સૂચના ક્રમાંક નં.S I/હરાજી કાર્યક્રમ-૧/મે-૨૦૨૨ તારીખ ૨૬/૦૪/૨૦૨૨નો સંદર્ભ લો. ઉપરોક્ત ઉલ્લેખિત ઈ-હરાજી કાર્યક્રમ માટે નીચેનો સુધારાત્મક પત્ર જારી કરવામાં આવી રહ્યો છે : "મે-૨૦૨૨ ના મહિનામાં ૨૦/૦૫/૨૦૨૨ ના રોજ ડેપોમાં યોજનાર ઈ-હરાજી વેચાણ કાર્યક્રમ રદ કરવામાં આવ્યો છે". મહાલક્ષ્મી માટે હરાજીનો આગામી રાઉન્ડ ૨૪/૦૫/૨૦૨૨ ના રોજ યોજાશે. અન્ય નિયમો અને શરતો યથાવત રહેશે. વધુ માહિતી માટે કૃપા કરીને પશ્ચિમ રેલ્વેની સામગ્રી પ્રબંધન વિભાગની વેબસાઈટ www.wr.indianrailways.gov.in તેમજ www.ireps.gov.in ઈ-હરાજી પોર્ટલ પર જુઓ. (No.S III/હરાજી કાર્યક્રમ-૧/મે-૨૦૨૨, તારીખ ૨૦/૦૫/૨૦૨૨)
9108
અમને ફોલો કરો : twitter.com/WesternRly

પશ્ચિમ રેલવે – વડોદરા ડિવિઝન
ફોટોકોપીંગ કાર્ય અને ડિઝલ પંપ ભાડે રાખવું
ઈ-ટેન્ડર નોટિસ નં. DRM-BRC 028 TO 029 OF 2022-23

[illegible] (W AC) પશ્ચિમ રેલ્વે, અલકાપુરી, વડોદરા - 390 004 [illegible] અનુ. નં.1: ટેન્ડર નં. DRM BRC 028 of 2022-23. કાર્યનું નામ: [illegible] 24 મહિના [illegible] 7,04,581.06. ઈએમડી (₹ માં): 14,000.00. અનુ. નં.2: ટેન્ડર નં. Tender No. DRM BRC 029 of 2022-23. કાર્યનું નામ: [illegible] (₹ માં) 20,54,427.90. ઈએમડી (₹ માં) 41,100.00. [illegible] તા.09-06-2022 ના 15:00 કલાક સુધી [illegible] 15:30 કલાકે [illegible] @ www.ireps.gov.in [illegible]
BRC-028
[illegible] facebook.com/WesternRly

જાહેર ચેતવણી

આથી અમો અશોકકુમાર નટવરલાલ બ્રહ્મભટ્ટ રહે. જી.એફ.-૩, ટાવર-બી, બાલકિશન એપાર્ટમેન્ટ, સોના ટેકરી સામે, અવધુત ફાટક પાસે, માંજલપુર, વડોદરા ના જાહેર જનતાને આ જાહેર ચેતવણી આપીએ છીએ કે, બાજુના ફોટામાં દર્શાવેલ અમારા પુત્ર નામે સાગર બ્રહ્મભટ્ટ છેલ્લા ઘણા સમયથી અમારા કહ્યામાં રહયા નથી અને અમારા વિરુધ્ધ જઈ લગ્ન કરી લીધા છે. જેથી અમે તેની સાથેના તમામ સંબંધોનો અંત આણેલ છે અને અમારી તમામ મિલકતોમાંથી બેદખલ કરેલ છે.

અસીલની સુચના તેમજ ફરમાશથી
સહી અવાચ્ય/-
(આર.યુ.પટેલ), એડવોકેટ

JHAVERI CREDITS AND CAPITAL LTD.
CIN-L65910GJ1993PLC020311 • Regd. Office - 301 Payal Towers-II, Sayajigunj, Vadodara-390020
Extract of Audited Financial Results for the Quarter & Year ended on 31st March, 2022 (Rs. In Lacs)

Particulars	Quarter Ended			Year Ended	
	31/03/2022 (Audited)	31/12/2021 (UnAudited)	31/03/2021 (Audited)	31/03/2022 (Audited)	31/03/2021 (Audited)
Total Income from Operations	376.48	50.30	357.00	958.77	362.81
Net Profit/Loss before Tax & Exceptional Items	13.44	36.92	1.59	33.35	(0.50)
Net Profit/Loss before Tax after Exceptional Items	13.44	36.92	1.59	33.35	(0.50)
Net Profit/Loss after Tax & Exceptional Items	13.38	36.92	(37.22)	27.16	(39.31)
Total Comprehensive Income	13.38	36.92	(37.22)	27.16	(39.31)
Equity Share Capital	646.33	646.33	646.33	646.33	646.33
Earnings per share (of Rs. 10/- each) (for continuing and discontinued operations)-Basic & Diluted	0.00	0.00	1.00	0.42	(0.61)

Note: The above is an extract of the detailed format of Audited Financial Results filed with the stock exchange under Regulation 30 of the SEBI (LODR), Regulations, 2015. The full format of the fourth Quarter & year ended Financial Results are available on the stock exchange website i.e. https:// www.bseindia.com and on Company's Website "www.jhavericommodity.com"
For Jhaveri Credits and Capital Ltd.
Sd/-
Kamlesh J. Jhaveri, Wholetime Director (DIN:00266242)
Date: 19.05.2022
Place: Vadodara

SBI રિટેલ એસેટ્સ સેન્ટ્રલ પ્રોસેસિંગ સેલ, આરાધના સિનેમાની સામે, સયાજીગંજ, વડોદરા. ફોન : ૦૨૬૫-૨૨૨૩૨૮૦/૨૨૨૩૨૬૦.
ઈ મેલ : sbi.18964@sbi.co.in

પરિશિષ્ટ - ૪ નિયમ - ૮(૧) હેઠળ કબજા નોટીસ (સ્થાવર મિલકત માટે)

નીચે સહી કરનાર **ભારતીય સ્ટેટ બેંક - રિટેઇલ એસેટ્સ સેન્ટ્રલ પ્રોસેસિંગ સેલ, આરાધના સિનેમાની સામે, સયાજીગંજ, વડોદરા-૩૯૦૦૦૧** ના અધિકૃત અધિકારી તરીકે સિક્યોરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (કાયદો), ૨૦૦૨ અને સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો ૨૦૦૨ના નિયમ ૩ સાથે વંચાતી કલમ ૧૩(૧૨) હેઠળ મળેલી સત્તાનો ઉપયોગ કરીને નીચે જણાવેલ દેવાદારોને નીચે દર્શાવેલી રકમ [illegible] ચાર્જીસ વગેરે સહિત માંગણા નોટીસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર પરત ચુકવવા જણાવ્યું હતું.
દેવાદાર રકમની પરત ચુકવણી કરવામાં નિષ્ફળ ગયા હોવાથી, અહીં **દેવાદાર, કાનૂની વારસદારો (જાણમાં હોય તેવા-અજાણ્યા), કાનૂની પ્રતિનિધીઓ (જાણમાં હોય તેવા-અજાણ્યા), જામીનદાર** અને **જાહેર જનતાને** નોટીસ [illegible] કથિત નિયમોના નિયમ ૮ સાથે વંચાતી કથિત (કાયદા)ની કલમ ૧૩(૪) હેઠળ મને મળેલી સત્તાની રૂએ અહીં નીચે વર્ણવેલી મિલકતનો સાંકેતિક કબજો ૧૮મી, મે ૨૦૨૨ના રોજ લઈ લીધો છે.
દેવાદાર, કાનૂની વારસદારો (જાણમાં હોય તેવા-અજાણ્યા), કાનૂની પ્રતિનિધીઓ (જાણમાં હોય તેવા-અજાણ્યા), **જાહેર જનતાને** [illegible] **ભારતીય સ્ટેટ બેંક - રિટેઇલ એસેટ્સ સેન્ટ્રલ પ્રોસેસિંગ સેલ, આરાધના સિનેમાની સામે, સયાજીગંજ, વડોદરા-૩૯૦૦૦૧ની** નીચે [illegible] ટેબલમાં દર્શાવેલી બાકી રકમ અને ચુકવણી/વસુલાત સુધી તેની પર આગાઉના વ્યાજ અને આકસ્મિક ખર્ચાઓ, કિંમતો, ચાર્જીસ વગેરે સહિતને આધિન રહેશે.
ઉપલબ્ધ સમયમાં સિક્યોર્ડ મિલકતો છોડાવવા અંગે કાયદાની કલમ ૧૩ની પેટા-કલમ (૮)ની જોગવાઈઓ પ્રત્યે દેવાદારનું ધ્યાન દોરવામાં આવે છે.

દેવાદારના નામ	૧૩(૨) નોટીસની તારીખ	માંગણી નોટીસ પ્રમાણે રકમ + તેની પર કરારના દરે આગાઉનું વ્યાજ અને આકસ્મિક ખર્ચાઓ, કિંમતો, ચાર્જીસ વગેરે	સ્થાવર મિલકતની વિગતો
ઘનશ્યામ પુરૂષોત્તમભાઈ રાજપુત	07-01-2022	લોન ખાતાં નં. ૪૦૨૮૨૫૫૫૬૮૯ અને ૪૧૨૨૮૩૮૪૨૮ હેઠળ રૂ. ૪૪,૩૬,૧૦૫.૦૦ (રૂપિયા ચુમ્માલીસ લાખ છત્રીસ હજાર એકસો પાંચ પુરા)	રજી. જી. ઉપ જી. વડોદરા, મોજે ગોત્રી, આર.એસ.નં. ૮૨૫ પૈકી ૧, ટીપી નં ૬૩, એફપી નં. ૧૮, સોએસ નં. ૧૫૧૫/૨ ખાતે પરમ પેરડાઈઝ, ગોત્રી, વડોદરાના ફ્લેટ નં. ઇ-૪૦૨.
શ્રી જીતેન્દ્ર માણેકલાલ ઠક્કર અને નિતા જે. ઠક્કર	10-01-2022	લોન ખાતાં નં. ૩૪૨૦૩૫૯૮૨૧૪ અને ૩૯૯૦૨૦૪૫૦૬૦ અને ૩૬૬૬૯૯૮૩૯૬ અને ૩૭૦૬૪૬૮૨૮૧૫ હેઠળ રૂ. ૩૪,૨૪,૩૪૯.૦૦ (રૂપિયા ચોત્રીસ લાખ ચોવીસ હજાર ત્રણસો ઓગણપચાસ પુરા)	રજી. જી. ઉપ જી. વડોદરા, મોજે સમા, આર.એસ.નં. ૩૫૭ પૈકી, ટીપી નં. ૧૧, એફપી નં. ૫૩૧ પૈકી ઓપી નં. ૮૧, સીએસ નં. ૧૧૩૪ માટે શ્રીહર વિલા, સમા, વડોદરાના [illegible] ફ્લેટ નં. ૨૦૨.
શ્રી રાજકિશોર રામદિપ ભારતી	05-01-2022	લોન ખાતાં નં. ૩૮૦૪૨૦૫૪૦૦૭ હેઠળ રૂ. ૪૧,૪૫,૨૧૮.૦૦ (રૂપિયા ચાલીસ લાખ પિસ્તાલીસ હજાર બસો અઢાર પુરા)	મોજે કરોડિયા, ઉપ-જીલ્લા વડોદરા, રજી. જી. વડોદરા ખાતે વધુમાં ખાસ કરીને હારકેશ રેસિડેન્સી, કરોડિયા રોડ, બાજવા, વડોદરા-૧૦ ખાતે ૮૮.૦૦ સો.મી.
અવિભાજીત કોમન પ્લોટ વિસ્તાર સહિત ૧૦૪.૦૦ ચો.મી. પ્લોટ વિસ્તાર અને ૮૩.૪૫ ચો.મી. બિલ્ટ અપ વિસ્તારના મકાન નં. બી/૪૮ તરીકે વર્ણવિત આર.એસ.નં. ૪૦ ના તે તમામ પાર્ટ અને પાર્સલ. ચતુઃસીમા: પૂર્વ: મકાન નં. બી/૪૫, પશ્ચિમ: સોસાયટીનો રોડ, ઉત્તર: મકાન નં. બી/૪૯, દક્ષિણ: મકાન નં. બી/૪૭.			
શ્રીમતી વનિતા પ્રાગજીભાઈ પટેલ	13-09-2021	લોન ખાતાં નં. ૩૮૮૩૪૩૧૧૨૭૪ અને ૩૮૮૫૩૧૧૧૯૫૯ હેઠળ રૂ. ૧૮,૪૦,૦૮૧.૦૦ (રૂપિયા અઢાર લાખ ચાલીસ હજાર એક્યાંસી પુરા)	રજી. જી. વડોદરા, ઉપ-જી. વડોદરા, મોજે રાવપુરા (સિયાપુરા) ના ડિભાગ-બી, સિટી સર્વે નં. ૧૧/૩, સિટી સર્વે નં. ૧૨૬/૧, ૧૨૬/૨ ખાતે શ્રી વિનાયક એવેન્યુ, રાવપુરા, વડોદરા
ખાતે અવિભાજીત કોમન પ્લોટ અને જમીન વિસ્તાર સહિત૧લા માળે ૬૫૦.૦૦ સો.ફીટ સુપર બિલ્ટ અપ વિસ્તારના ફ્લેટ નં. ૧૦૨. ચતુઃસીમા: પૂર્વ: ફ્લેટ નં. ૧૦૧, પશ્ચિમ: સી.એસ.નં. ૧૩૧ ની મિલકત, ઉત્તર: સી.એસ.નં. ૧૨૫ ની મિલકત, દક્ષિણ: સી.એસ.નં. ૧૨૭ ની મિલકત.			

તારીખ : ૧૮.૦૫.૨૦૨૨
સ્થળ : વડોદરા [illegible]
સહી/- અધિકૃત અધિકારી, ભારતીય સ્ટેટ બેંક, આરએસીપીસી, સયાજીગંજ, વડોદરા

જાહેર નિવીદા

રાજપીપલા નગરપાલિકા વિસ્તારમાં નીચે જણાવ્યા મુજબના કામો માટે ગુજરાત ગર્વમેન્ટના માન્ય કક્ષાના રજીસ્ટર્ડ થયેલા કોન્ટ્રાક્ટરો પાસેથી "www.nprocure.com" અને "www.state tender.com" પરથી ઓન લાઈન ટેન્ડરથી ભાવ મંગાવવામાં આવે છે.
Tender I.D. 5225475

(અ)	ટેન્ડરની વિગત				
ક્ર. નં.	કામનું નામ	અંદાજીત રકમ (લાખમાં)	બાનાની રકમ	ટેન્ડર ફી	કામ પૂર્ણ કરવાનો સમયગાળો
૧	૨	૩	૪	૫	૬
૧	Construction work of Strom Drain,Box Calvert,Box Drain,Cattel Trap, Pipe Culvert & Slab Drain at various Location at Rajpipla Under 15th Finance Commision Grant	૧૩૧.૧૧	૧,૩૩,૧૧૭/-	૩૬૦૦.૦૦	૯ (નવ) મહિના

(બ)	ઈ-ટેન્ડરનું શીડ્યુલ
(૧) ટેન્ડર ડોક્યુમેન્ટ ડાઉનલોડ	૧૮/૦૫/૨૦૨૨ થી તા.૮/૦૬/૨૦૨૨ સાંજે ૧૮.૦૦ કલાક સુધી
(૨) ઓન લાઈન સબમીશન	તારીખ ૮/૦૬/૨૦૨૨ સાંજે ૧૮.૦૦ કલાક સુધી
(૩) ફીઝીકલ સબમીશન રજુ કરવાનો સમય	બાનાની રકમ અને ટેન્ડર ફીનો ડીમાન્ડ ડ્રાફ્ટ ચીફ ઓફીસર, રાજપીપલા નગરપાલિકા ના નામે તા.૧૩/૦૬/૨૦૨૨ બપોરે ૧૨.૦૦ કલાક સુધી

કુલદીપસિંહ એ. ગોહીલ
પ્રમુખ
રાજપીપલા નગરપાલિકા

રાહુલદેવ વી. ઢોડિયા
મુખ્ય અધિકારી
રાજપીપલા નગરપાલિકા

(માહિતી/નર્મદા/૪૩/૨૦૨૨-૨૩)

MAKTEL CONTROL & SYSTEMS PRIVATE LIMITED
(In Liquidation) (UNDER, IBC, 2016)
(A company under liquidation process vide Hon'ble NCLT order dated November 23, 2021 (order received on 23.11.2021) Office of the Liquidator C/o M/s Bipin & Co.302, Centre point,R C Dutt Rd, Alkapuri, Vadodara Gujarat – 390007, Email ID : cirp.maktelcontrol@gmail.com Contact : 9409531529

E-auction Sale Notice

Notice is hereby given to the public in general under the Insolvency and Bankruptcy Code 2016 and regulation there under, that the assets stated in Table below will be sold by E-Auction through the service provider M/s 4 Closure via its e-auction platform https://www.bankauctions.in

Date and Time of Auction :	Saturday, 28.05.2022 between 02:30 PM to 04:00 PM (with unlimited extension of 5 Minutes each)
Last Date for apply and Submission of Document with EMD	Saturday, 28.05.2022 on or before 01:00 PM
Issue of Log-in Credentials to the bidders	Saturday, 28.05.2022 between 01.00 PM to 02.00 PM
Inspection Date & Time	26.05.2022 & 27.05.2022 (From 11.00 AM to 5.00 PM) Contact Person: Chetan Dave 9409531529

Basic Description of Assets and Properties for sale: Amount in Rs

Sr. No.	Asset/Location	Address	Reserve Price (INR)/Earnest Money Deposit (EMD) (INR)
1	Land and shade - Plot 1305, Area of Plot (in Square Meter) - 1103	1305, GIDC, Industrial Estate Waghodia, Waghodia, Vadodara District.	Rs. 90,23,000/- Rs. 9,02,500/-
2	Inventory lying at GIDC plot 1421 Inventory - Lot 1 like Relay, MCCB, MCB, HRC Fuse, Current transformer resin cast/tape, motor, Extended Rotary Handle, Power Contactor, Aux Contactor and others etc (Including racks) (excluding crains, main supply control panel, Electrical installation and office equipments)	Ground Floor, Admn building, 1421 GIDC Waghodia, Vadodara	Rs. 13,04,800/- Rs. 1,30,480/-

The EMD shall be payable by interested bidders through NEFT/RTGS/Demand Draft on or before 01.00 PM Saturday, 28.05.2022 in an account of "MAKTEL CONTROL & SYSTEMS PRIVATE LIMITED (IN LIQUIDATION)" having Bank Account in Punjab National Bank, Productivity road branch, 1st Floor, Padmavati Complex, Shrenik Park-390020, Vadodara Gujarat Account No: 3745000100213126 and IFSC Code PUNB0374500. Further the bidder(s) cannot place a bid at a value below the reserve price. For detailed terms & conditions of E-auction sale, refer TENDER DOCUMENT including list of assets are available on https://bankauctions.in. For any query regarding E-Auction, contact Mr. U. Subbarao (M: 08142000061/65) on info@bankauctions.in, subbarao@bankauctions.in or the Liquidator. E-Auction will be conducted on "As is where is basis", "As is what is basis", "Whatever there is basis" and "No recourse basis"

For Maktel Control & Systems Private Limited
Dharti K Shah , Liquidator
IBBI Reg. No:IP Reg. No: IBBI/IPA-001/IP-P00003/2017-2018/11040
Date: 21st May, 2022
Place: Vadodara